ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## દિવસે માથે ટોપી અને રાત્રે સ્વેટર

# શહેરમાં મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો પ્રભાવિત

**દિવસનો તાપ આકરો બનતો જાય છે જયારે રાત્રિની ઠંડકમાં હજુ પણ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે : વળતા શિયાળે ઠંડી વારે વારે ઉથલો મારતા નગરનુ જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૫

શિયાળાની મોસમ આ વર્ષે વધુ આકરી અને વિચિત્ર પુરવાર થઇ છે. જાન્યુઆરી મહીનામાં આકરી ઠંડીમાં નગરજનો ધ્રુજારી અનુભવી હતી. ઠંડીનો પારો પણ ૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો જયારે ઠંડીની સાથે બર્ફિલા પવનનુ જોર પણ આ વખતે વધુ રહ્યુ હોવાથી કોલ્ડવેવની અસરથી નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ જયારે વળતા શિયાળે પણ હજુ ઠંડીનુ જોર વર્તાઇ રહ્યુ છે. દિવસે આકરો તાપ અને રાત્રિના સમયે આકરી ઠંડી અનુભવતા નગરજનો મોસમની વિચિત્ર અસરથી બેચેની અનુભવી રહ્યા છે. દિવસે માથે ટોપી અને રાત્રિના સ્વેટર પહેરીને ફરતા નગરજનો ઠંડી ગરમીની બેવડી ઋતુથી પ્રભાવિત છે. ગઇકાલે પણ રાત્રિના બર્ફિલી ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ હાલ વિચિત્ર છે. ગમે ત્યારે ગરમીનુ જોર વધી જાય છે તો કડકડતી ઠંડીનુ મોજુ પણ ફરી વળે છે. વળતા શિયાળે છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો પણ તપી રહ્યો છે. ત્યારે વારંવાર તાપમાનનો પારો ચઢ ઉતર થતા નગરજનોએ કબાટમાં મુકી દીધેલા ગરમ કપડા ગમે ત્યારે ફરી પહેરવાની નોબત આવે છે. દિવસે ઉનાળા જેવી આકરી ગરમી અને રાત્રિના સમયે ઠંડી વચ્ચે નગરજનો છેલ્લા કેટલાક દિવસથી બેવડી ઋતુથી પ્રભાવિત છે. કોઇક કોઇક દિવસે તો ઠંડી સદંતર અદ્રશ્ય થઇ જતા હવે શિયાળો પુરો થઇ ગયો હોવાનો અહેસાસ કરતા નાગરિકો રાત્રિના સમયે કાતિલ ઠંડીમાં ઠુંઠવાય છે. અલબત્ત દિવસ અને રાત્રિના તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે.

છેલ્લા બે દિવસથી રાત્રિના સમયે ઠંડી જમાવટ કરે છે. આમ તો લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીની આસપાસ રહે છે. જયારે મહત્તમ તાપમાન પણ ૩૫ થી ૩૭ ડીગ્રી આસપાસ રહેતા ઠંડી ગરમીના પારા વચ્ચેનો તફાવત પણ નગરજનોને અકળાવે છે. મોસમના વિચિત્ર મિજાજની અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે. દિવસે આકરી ગરમીથી રક્ષણ મેળવવા માથે ટોપી પહેરીને ફરતા નગરજનોએ રાત્રિના સમયે સ્વેટર પહેરવાની ફરજ પડે છે. શિયાળાની મોસમ પુરી થવામાં છે. અલબત્ત હવામાન તજજ્ઞોના મતે વાદળિયા વાતાવરણ વચ્ચે હવામાન પલ્ટાની અસર પણ સમયાંતરે જોવા મળશે છેલ્લા બે દિવસથી સવારના સમયે વાદળિયા વાતાવરણની અસર વચ્ચે મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળે છે.



શિશિરોત્સવ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રિદિવસીય શિશિરોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે... શિશિરોત્સવની સાથે સાથે પર્યાવરણ પર્વની પણ ઉજવણી કરવામાં આવી રહી છે... શિશિરોત્સવના પ્રથમ દિવસે ગુજરાતી રંગભૂમિના હાસ્ય સમ્રાટ તરીકે જાણીતા સિદ્ધાર્થ રાંદેરિયાએ ભવ્ય ગુજરાતી નાટક ગુજ્જુભાઈ બ્લફ માસ્ટર દ્વારા મનોરંજન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. જેમાં પ્રેક્ષકો તરફથી ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો.

# બટાકાના ભાવ તળિયે જતાં ખેડૂતોની કફોડી હાલત

**ગત વર્ષે બટાકાનો ભાવ જ્યાં રૂ. ૨૦૦ થી વધારે હતો ત્યાં ચાલુ વર્ષે ભાવ રૂ. ૧૦૦એ આવી જતાં ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા : પંજાબ અને ઉત્તરપ્રદેશમાં ઉત્પાદન વધતાં માંગ ઘટતાં સર્જાયેલી વિષમ સ્થિતિ : બટાકામાં રોગચાળાના કારણે વેપારીઓ ખરીદતા નથી**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન બટાટાના વિક્રમી વાવેતર પછી હવે બટાટાના ભાવ ના મળતાં ખેડૂતોની હાલત કફોડી થઈ છે. ખેડૂતોના ઉત્પાદનમાં વેપારીઓ પણ રસ દાખવતા નહિ હોવાથી ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે.

જિલ્લામાં આ વર્ષે ૧૫ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર નોંધાયુ હતુ. જિલ્લામાં ઉત્પાદનની પણ સરેરાશ ઘટ્યુ હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકો બટાકાના હબ તરીકે જાણીતો છે તો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં પણ સારું એવું બટાકાનું વાવેતર થાય છે. ચાલુ વર્ષે હાલ બટાકા કાઢવાની સિઝન ચાલી રહી છે પણ ગગડેલા ભાવના કારણે ખેડૂતોને આંખે પાણી આવી રહ્યા છે. એલઆર, પોખરાજ અને બાદશાહ જેવી બટાકાનું ખેડૂતો વાવેતર કરે છે અને તેમાં ચાલુ વર્ષે પોખરાજના ભાવ તળિયે પહોંચ્યા છે. બટાકામાં દાગના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## પરિસ્થિતિ અત્યંત ખરાબ, સરકાર સબસિડી આપે : ગાભુભાઈ ચૌધરી

કિસાન સંઘના પ્રવક્તા ગાભુભાઈ ચૌધરીએ કહ્યું કે, બટાકાના ભાવની સ્થિતિ અત્યંત ખરાબ છે. બે વર્ષમાં ખેડૂતોને જે કંઈ મળ્યું હતું તે ચાલુ વર્ષે ગુમાવવાનું છે. આ મામલે સરકાર સબસિડી આપી ખેડૂતોને રાહત આપે તો ખેડૂતો મુશ્કેલીમાંથી ઉગરી શકે છે. ડુંગળી ઉપરાંત બટાકાનું વાવેતર કરતાના માથે મુશ્કેલી સર્જાઈ છે કેમ કે આ બંનેના ભાવ મળતા નથી. વેફર બનાવતી કંપનીઓએ અગાઉ સોદા કર્યા છે તેવા લોકર અને એલઆરના ભાવ મળી રહ્યા છે. કોલ્ડ સ્ટોરેજોને સરકાર સબસિડી આપે છે પણ તેમ છતાં પણ તેઓ ભાડા વધારી રહ્યા છે. સરકાર ભાડામાં રાહત આપે તેવું પણ કરવુ જોઈએ નહીતર ચાલુ વર્ષે ખેડૂતોની હાલત કપરી બનવાની છે.

# એકાએક પલ્ટાયેલા વાતાવરણથી પાક ઉત્પાદનમાં ઘટાડાના સંકેત

**ઘઉં, બટાટા અને રાયડાના ઉત્પાદનમાં ઘટાડો નોંધાતો હોવાથી ખેડૂતોમાં નિરાશાનું મોજુ પ્રસર્યુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનના અંતિમ ચરણમાં હવામાનમાં આવેલા એકાએક બદલાવને પગલે પાક ઉત્પાદનમાં ઘટાડો થવાના સંકેતો મળતાં ખેડૂતોની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

કમોસમી વરસાદ પછી ઠંડી જે ઝડપથી ગાયબ થઈ અને ઘઉં માટે જે સાનુકૂળ વાતાવરણ દાણા માટે જોઈએ તે પ્રમાણમાં ઓછુ મળતુ ઉત્પાદનમાં ઘટાડો થવાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં ૩૧ હજાર હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં ઘઉંના પાકનું વાવેતર નોંધાયુ હતુ. જિલ્લાનો મુખ્ય પાક ગણાય છે. આ વખતે પાછલુ વાતાવરણ વધુ થયુ હતુ પરંતુ તેને ઠંડીનો જે લાભ મળવો જોઈએ તેટલો મળ્યો નથી. આથી દાણો થોડોક પોચો રહેવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. ગરમીનો પ્રકોપ પણ ઉત્પાદન પર વિપરીત અસર કરી શકે છે.

જિલ્લામાં બટાટાના ઉત્પાદનમાં પણ સરેરાશ ૨૦ મણ જેટલુ ઉત્પાદન એકર દીઠ ઘટ્યુ હોવાનું જાણવા મળેલ છે. આ

● અનુસંધાન પાન-૭ પર

## મહાનગરપાલિકામાં ટેન્ડર અંગે અધિકારીઓની સમિતિ રચાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જારી કરવામાં આવતા ટેન્ડરો અંગે અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે.

મનપા દ્વારા કરાયેલ અધિકારીઓની કમિટીમાં સીટી ઈજનેર, અધિક સીટી ઈજનેર, હિસાબી અધિકારી, ચીફ ઓડિટર, હાઉસ ટેક્ષ ઓફિસર અને લીગલ ઓફિસરની નિયુક્તી કરવામાં આવી છે.

મનપાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ કમિટી ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ તૈયાર કરશે. આ સમિતિ ટેન્ડર ખુલ્યા પછી ટેન્ડર ઈવેલ્યુએશનની કામગીરી પણ કરશે. ટેન્ડર સ્વીકારવા યોગ્ય છે કે રિટેન્ડર કરવા યોગ્ય છે કે અસ્વીકાર કરવા યોગ્ય છે તે માટે સહ ઈવેલ્યુએશન પત્રક સભ્યોની સહિ સાથે જે તે શાખાના નાયબ મ્યુનિ. કમિશનર મારફતે મ્યુનિ. કમિશનર સમક્ષ રજુ કરશે.

# એસ ટી ડેપોમાં મહિલાના ગળામાંથી દોઢ તોલાનો સોનાનો દોરો ખેંચાયો

**ગાંધીનગર ડેપો માટે પીક પોકેટીંગ, મોબાઇલ અને દાગીનાની ચોરી જાણે નવી વાત નથી : મુસાફરોની સલામતીના નામે મીંડુ**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સામાંથી મોબાઈલ અને પાકીટની ઉઠાંતરી થતી હોવાનો કકળાટ ઉઠે છે. બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાં જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લે છે. આમછતા મુસાફરોની સલામતી માટે કોઈ વ્યવસ્થા ગોઠવાતી નથી. ચાર દિવસ અગાઉ પણ વિજાપુર તરફ જવા માટે બસમાં બેસવા જતી મહીલાના ગળામાંથી દોઢ તોલાની મગ માળા સેરવીને એક ગઠીયો પલાયન થઈ ગયો હતો.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોના ખિસ્સા કપાવા એ હવે આમ વાત છે. જો કે રોજનો ક્રમ બની ગયો છે. તેમ કહીએ તો પણ ખોટુ નથી બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સામાંથી ગઠીયાઓ ક્યારેક મોબાઈલ સેરવી લે છે તો ક્યારેક

● અનુસંધાન પાન-૭ પર




SAMPLE HOME OPEN

SIDDHRAJ ZOEY
3 — 4 BHK FAMILY HOMES

FOR SITE VISIT CALL +91 88661 05904 | MARKETED BY tps The Property Shop | RANDESAN, GANDHINAGAR

PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA07329/140820 | GUJRERA.GUJARAT.GOV.IN

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com